# Atmaj

## Academic Research Journal

**An International Peer-Reviewed Research Journal**

ISSN: 2348 - 9456



**Volume-II, Issue -I July -December - 2014**

**Editor-In-Chief**

**Dr. Dilkhush Patel**

# Content of the Table


| Sr. No. | Title of the Paper | Author | Page No. |
|---|---|---|---|
| 1 | Using ICT in English Language Teaching and Learning | Prof. Tejas F. Shah | 01 |
| 2 | Corporate Social Responsibility of Apple Inc. | Prof. Kamuben H. Patel | 05 |
| 3 | Anulomakalpa of Atharvaveda Parisista – An Abhicharikakarma | DR. D. G. Vedia | 09 |
| 4 | कालिदास का काव्य सौन्दर्य | DR.Govind Chaudhari | 13 |
| 5 | समाजशास्त्रीय परिप्रेक्ष्य में 'मत्स्यपुराण' | डॉमहेजबीन सैयद . | 19 |
| 6 | "मनुस्मृतिमें वर्णजातिविवेक व्यवसाय और आर्थिक कानूनी व्यवस्था" | डॉ. निल्पा के. पटेल | 23 |
| 7 | रामायण में लोकनीति | डॉ. ललित पटेल | 29 |
| 8 | श्रीमद्भागवद् में योगसाधना | डॉ. रीटा पारेख | 33 |
| 9 | ઋગ્વેદનું ઇન્દ્રાણી સૂક્ત (10-145)- એક સમીક્ષા | શ્રી યોગરાજ એ. મહેતા | 39 |
| 10 | મહાકવિ કાલિદાસકૃત '*अभिज्ञान शाकुन्तलम्*' માં રાજધર્મ : પ્રવર્તમાન સમય માટે આદર્શરૂપ | ડો. સુરેખા કે. પટેલ | 43 |
| 11 | પી.ટી.સી.ની તાલીમ માટે પી.ટી.સી. ના પ્રશિક્ષણાર્થીઓને અસર કરતા પ્રેરણાત્મક પરિબળો અંગે પ્રશિક્ષણાર્થીઓના મંતવ્યોના અભ્યાસ | શ્રી કૌશિક પટેલ | 51 |
| 12 | મત્સ્યપુરાણમાં નિરૂપિત કેટલાક નિર્વચનોનો અભ્યાસ | પ્રો. ભારતી પટેલ | 53 |
| 13 | दर्पहा दर्पदः महाविष्णुः। | પ્રો. રમેશ એચ.ચૌધરી | 57 |
| 14 | ૧૯મી સદીના ઉત્તરાર્ધ પછી સ્ત્રીઓના ઉત્થાન માટેના પ્રયાસો–સંદર્ભે નવસારી પ્રાંતમાં મહારાજા સયાજીરાવ ત્રીજાના કન્યા કેળવણી માટેનાં પ્રયાસો | ડૉ.પ્રો.કે.જી.પટેલ રાકેશકુમાર એસ.પટેલ | 63 |

# મહાકવિ કાલિદાસકૃત '*अभिज्ञान शाकुन्तलम्*' માં રાજધર્મ : પ્રવર્તમાન સમય માટે આદર્શરૂપ

સંસ્કૃત સાહિત્યમાં સર્વશ્રેષ્ઠ કવિ- નાટ્યકાર અને કવિતા-કામિનીના વિલાસનું બિરૂદ પ્રાપ્ત કરનાર મહાકવિ કાલિદાસની કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિનાં પ્રાણતત્વનાં દર્શન થાય છે. જીવનનો શાશ્વત અને સાર્વભૌમિક તત્ત્વોનું રસાત્મક વર્ણન કરીને તેઓશ્રીએ સાચા અર્થમાં વિશ્વકવિ-મહાકવિનું બિરૂદ પ્રાપ્ત કર્યું છે. કવિ ગણનાની બાબતે મહાકવિ કાલિદાસ કનિષ્ઠિકાધિષ્ઠિત છે, તે નિઃશક છે. કાલિદાસ માટે કવિઓ દ્વારા પ્રયોજાયેલી અનેકાનેક પ્રશસ્તિઓથી આપણે સહુ પરિચિત છીએ જ. કવિ, મહાકવિ, કવિકુલગુરૂ, કવિમુકુટમણિ, દીપશિખા વગેરે પદાવલીઓથી તેમનું કવિત્વ સિદ્ધ છે.

પ્રાચીન રાજ્યવ્યવસ્થા અહીંની સભ્યતા – સંસ્કૃતિ અને ધર્મ જેટલી જ પ્રાચીન છે. પ્રાચીન ભારતીય રાજ્ય વ્યવસ્થાને રાજધર્મ [1] રાજનીતિ, રાજ્યશાસ્ત્ર[2], દંડનીતિ, નીતિશાસ્ત્ર, અર્થશાસ્ત્ર વગેરે શબ્દોથી સંબોધિત કરવામાં આવી છે. પ્રાચીન ગ્રંથોના મહદંશે ઉલ્લેખોના આધારે જાણવા મળે છે કે સૃષ્ટિના આરંભે ઘણા લાંબા સમય સુધી કોઈ શાસનવ્યવસ્થા ન હતી. પરંતુ, કાલાન્તરે તેમાં અનેક મુશ્કેલીઓ આવતાં પ્રજાએ ભયજનક સ્થિતિઓનો સામનો કરવો પડ્યો. જેના કારણે રાજા અને રાજ્યની ઉત્પત્તિ થઈ. કૌટિલ્યે, રાજાને જ 'રાજ્ય' કહ્યું છે.[3] 'અથર્વવેદ' મુજબ "પ્રારંભકાળે સમસ્ત જનપદ કે રાષ્ટ્ર વિરાટ અર્થાત્ રાજાથી રહિત હતું. તેને કારણે પ્રજા ભયભીત હતી કે શું આમ જ ચાલશે" ?[4] આ ભયથી બચવા માટે રાજાની વરણી કરી. 'મનુસ્મૃતિ' મુજબ સંપૂર્ણ ચરાચરની રક્ષા માટે પરમેશ્વરે રાજાની સૃષ્ટિ કરી.[5] પૌરાણિક અનુશ્રુતિ અનુસાર પહેલા આર્યરાજા વૈવસ્વત મનુને બનાવવામાં આવ્યા. પૂર્વે ન રાજા હતો, ન દંડ કે ન દંડ દેનાર.ધર્મથી જ બધી પ્રજા પરસ્પર એક-બીજાનું રક્ષણ કરતી હતી.

પ્રાચીન ભારતમાં અનેક શાસન-પ્રણાલીઓ પ્રચલિત હતી. આ શાસન-પધ્ધતિનો ઈતિહાસ વૈદિકકાળથી પ્રાપ્ત થાય છે. પરંતુ, વૈદિકકાળ અને મહાકાવ્યો કાળનો રાજનૈતિક ઈતિહાસ નિશ્ચિત અને ક્રમબધ્ધ સ્વરૂપે સુલભ નથી. પ્રાચીન ભારતની શાસન પધ્ધતિની જાણકારી પ્રાચીન ભારતીય સાહિત્ય વેદ-બ્રાહ્મણગ્રંથો, ધર્મશાસ્ત્ર, કામન્દકીય નીતિસાર, શુક્રનીતિ ગ્રંથો વિશેષરૂપે મહત્ત્વપૂર્ણ છે. રામાયણ-મહાભારત જેવાં પુરાતન મહાકાવ્યોએ પણ પ્રાચીન રાજ્યોની શાસનપધ્ધતિ ઉપર સારો એવો પ્રકાશ પાડ્યો છે. પરંતુ,તેમાં સમયાન્તરે પરિવર્તનો થતાં રહ્યાં છે.

કાલિદાસ પૂર્વે જે રાજધર્મનું સ્વરૂપ હતું તે વૈદિક હતું. તેમાં રાજાનું સ્થાન સર્વપ્રથમ હતું. રાજપદ ઈશ્વરીય મનાતું. રાજાનો ધર્મ, વર્ણો અને આશ્રમોની રક્ષા કરવી તે છે. આ બાબતમાં કાલિદાસ મનુના અનુયાયી જણાય છે.[6] કવિ કાલિદાસને મતે રાજા એક અસામાન્ય વ્યક્તિ હતો. 'રાજાપદ' વર્ણાશ્રમનું એક અંગ હતું. (અ.શાઃ ૫/૧૦)

કાલિદાસની કૃતિઓના વર્ણન મુજબ રાજા રાજ્યનો સર્વોપરી વ્યક્તિ હતો. રાજાનું જન્મથી નહી. પરંતુ,કર્મથી ક્ષત્રિય હોવું આવશ્યક હતું. રાજાનું મુખ્ય કર્તવ્ય હતું – 'આર્તપ્રજાનું રક્ષણ કરવું.''ક્ષત્રિય' શબ્દનો અર્થ જ છે કે 'બીજાઓને કષ્ટથી બચાવવા'. તેથી જ તો અ.શા માં વૈખાનસના